# નવા યુગનાં મંડાણ

નવું વર્ષ શરૂ થયું નથી કે અત્ર તત્ર સર્વત્ર જોશીડા એમનાં ટીપણાં ખોલીને ખરી ખોટી આગાહીઓ કરવા મંડી પડે છે. જ્યોતિષ શાસ્ત્રને ટેકનોલોજીની પાંખો ફૂટી છે. એનો ભરપૂર ઉપયોગ કરીને બધા પોતપોતાની ખીચડી પકવી રહ્યા છે. કોઈ શનિની ગતિને કારણે અમુક રાશિના જાતકોને ચેતવણી આપે છે તો કોઈ એ જ રાશિના જાતકોને સાડાસાતી છતાં 2025નું વર્ષ યાદગાર બની રહેશે એવી ખાતરી આપે છે. એક બે જ્યોતિષીઓએ તો આગાહી ખોટી પડે તો લાખો રૂપિયા હારી જવાની શરત કરી છે. એમણે મોટા રાષ્ટ્રીય નેતાના નિધનની આગાહી પણ કરી હતી. પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના અવસાન રૂપે એ સાચી પડી છે પણ તબિયત ખરાબ થતાં મનમોહન સિંહ છેલ્લાં વર્ષોમાં તો એમની અંતર્મુખી પ્રકૃતિ મુજબ સ્વેચ્છાએ સાવ જ હાંસિયામાં ચાલ્યા ગયા હતા. હા, એવી નાદુરસ્ત તબિયતને અવગણીને પણ પાર્ટીના અભિગમને સમર્થન આપવા તેઓ વ્હીલચેર પર વોટ આપવા જરૂર નીકળતા હતા, પછી એ સામાન્ય ચૂંટણી હોય કે હાઉસમાં રાજ્યસભાના સાંસદ તરીકે વોટ આપવાનો હોય. એમણે સંનિષ્ઠ નાગરિક તરીકે અને કોંગ્રેસની વિચારધારાને સમર્પિત નેતા તરીકે ન ભૂતો ન ભવિષ્યતિ એવા નાણાંમંત્રી તરીકે અને એ પછી દેશના વડાપ્રધાન પદની શોભા વધારી હતી. એમની સરકારની અને પાર્ટીની હરહંમેશ કટુ આલોચના કરવામાં કશું બાકી નહીં રાખનારા અને એમને મૂંગા કઠપૂતળી વડાપ્રધાન જેવાં બિરુદ આપનારા મહાનુભાવો પણ એટલું તો સ્વીકારે છે કે એ નખશિખ પ્રામાણિક શીખ હતા અને વિશ્વમાં જોટો ન જડે એવા અર્થશાસ્ત્રી હતા. એમણે બંધિયાર અર્થવ્યવસ્થાને ખુલ્લા મેદાનમાં રમતી ના મૂકી હોત તો આજે ભારત આર્થિક ક્ષેત્રે પ્રગતિના પંથે આગળ વધી રહ્યું છે એ શક્ય જ ન બન્યું હોત. મનમોહન સિંહ વિશે એમની હયાતીમાં નહોતાં થયાં એટલાં વખાણ એમના અવસાન પછી થઈ રહ્યાં છે. જ્યોતિષ શાસ્ત્ર પાસે એનો પણ જવાબ તૈયાર છે! પણ હવે જ્યારે એમની ભૌતિક જગતમાં હયાતી જ નથી ત્યારે એમને ભારતરત્ન કે નોબેલ પારિતોષિક વિજેતા જાહેર કરવામાં આવી જાય તોય એમને શો ફરક પડે છે? એ તો ગયા!

ગાંધીજીના ગયા પછી દેશ અને દુનિયામાં એમનાં પૂતળાં મુકાયાં. એમને પૂછવામાં આવ્યું હોત તો એમણે ધરાર એફિડેવિટ કરીને કહ્યું હોત કે મહેરબાની કરીને મને વધુ પજવશો નહીં. અમુક અતિ મહત્ત્વાકાંક્ષી નેતાઓ સિવાય ભાગ્યે જ કોઈ મોટા ગજાના લોકપ્રિય નેતા કે સમાજસેવક પોતાના મૃત્યુ પછી પૂજાવાની અપેક્ષા રાખતા હશે. ભગવાન બુદ્ધે તો એમના પ્રિય શિષ્ય આનંદને અંતિમ સંદેશો આપતાં કહ્યું હતું કે મારી કોઈ પ્રતિમા ના મૂકશો અને મારા ઉપદેશને ક્યારેય ગ્રંથસ્થ ના કરશો. ગાંધીજીએ પણ આ મતલબનું લેખિત વિધાન કરતાં લખ્યું હતું કે, 'મારાં લખાણો પણ મારા દેહની સાથે બાળી મૂકવાં જોઈએ.

મેં જે કંઈ કહ્યું છે અને લખ્યું છે તે નહીં પણ મેં જે કંઈ કર્યું છે તે કાયમને માટે ટકી રહેશે..... મેં અનેક વાર કહ્યું છે કે આપણાં સઘળાં શાસ્ત્રો નાશ પામે તોયે ઈશોપનિષદનો એક જ શ્લોક હિંદુ ધર્મનું હાર્દ રજૂ કરવા માટે પૂરતો છે. પરંતુ એ પ્રમાણે જીવન જીવનાર કોઈ નહીં હોય તો એ મંત્ર પણ કશા ઉપયોગનો નથી.'(સંદર્ભઃ શાશ્વત સ્વરઃ મહાત્મા ગાંધી,અકાલ પુરુષ માસિક/ડિસેમ્બરઃ2024) મહાત્મા ગાંધી સાથે મનમોહન સિંહે આઝાદીની ચળવળમાં ભાગ નહોતો લીધો. ઇચ્છા હોય તો પણ લઈ શકે તેમ નહોતા. ગરીબ ખોરડામાં જન્મેલા 'મોહના'ને ભણવામાં જ રસ હતો. નથી એમણે પરંપરાગત શૈલીના રાજકારણમાં ભાગ લીધો. એમને તો એમની અર્થશાસ્ત્રી તરીકેની લાયકાતની કદર કરીને એક લાયક વડાપ્રધાને પોતાની કેબિનેટમાં સામે ચાલીને



સામેલ કર્યા હતા. વડાપ્રધાન પદે હતા ત્યારે હૃદયની બાયપાસ સર્જરી કરાવવી પડી ત્યારે દસ કલાક ચાલેલી સર્જરી બાદ ભાનમાં આવતાંની સાથે એમણે પોતાના સ્વાસ્થ્ય વિશે પૃચ્છા નહોતી કરી. કાર્ડિયાક સર્જન પાંડાને એમણે દેશની અને કાશ્મીરની પરિસ્થિતિ વિશે પૂછપરછ કરી હતી. એમણે દેશના નાણાંમંત્રી કે વડાપ્રધાન પદનું ક્યારેય સપનું પણ નહોતું જોયું કે નહોતા એ કોઈ પાર્ટીના સક્રિય સભ્ય. સંજોગોએ એમને સામે ચાલીને એવાં મોટાં પદ એનાયત કર્યાં હતાં. એમણે એક વિદ્યાર્થી તરીકે સર્વોચ્ચ સન્માન મેળવવા જેવી સંનિષ્ઠ તપસ્યા કરી હતી એવી જ રાજકીય પદો શોભાવતી વખતે પણ કરી હતી. પોતાને માટે એ પોતે જ 'એક્સિડેન્ટલ પ્રાઇમ મિનિસ્ટર' જેવું વિશેષણ વાપરતા હતા. જ્યોતિષીઓ રાજકારણીઓ પાસે રાજયોગ પ્રબળ કરાવવા માટે વિવિધ પ્રકારના કર્મકાંડ કરાવતા હોય છે. મનમોહન સિંહ એવા કોઈ કર્મકાંડમાં પડ્યા નહીં. એમણે ફક્ત કર્મ પ્રત્યે જ ધ્યાન કેન્દ્રિત

**મનમોહન સિંહ વિશે એમની હયાતીમાં નહોતાં થયાં એટલાં વખાણ એમના અવસાન પછી થઈ રહ્યાં છે. જ્યોતિષ શાસ્ત્ર પાસે એનો પણ જવાબ તૈયાર છે! પણ હવે જ્યારે એમની ભૌતિક જગતમાં હયાતી જ નથી ત્યારે એમને ભારતરત્ન કે નોબેલ પારિતોષિક વિજેતા જાહેર કરવામાં આવી જાય તોય એમને શો ફરક પડે છે? એ તો ગયા!**

કર્યું અને પોતાના ફાળે જે સમયે જે જવાબદારી આવી પડી એ નિષ્ઠાપૂર્વક નિભાવી જાણી. સમાધાનો પણ કરવાં જ પડ્યાં, કારણકે એ ચૂંટાયેલા નહીં પણ 'નિયુક્ત વડાપ્રધાન' હતા. એમણે કોઈ મતવિસ્તાર પણ તૈયાર નહોતો કર્યો. દક્ષિણ દિલ્હીમાં લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર તરીકે તો પ્રોફેસર મલ્હોત્રા સામે હારી ગયેલા. કાશ, એમને મરણોત્તર માન મળ્યું એ એમની હયાતીમાં જ આ દેશના નેતાઓ

**મનકા સિતાર**
કેશુભાઇ દેસાઇ

અને નાગરિકોએ આપ્યું હોત તો એ ભલા, નિરભિમાની માનવીને કેટલો આત્મસંતોષ થયો હોત. પરંતુ એમાં પણ એમની કુંડળી જ વંકાઈ હશેને!

આ દુનિયામાં ઘણી બધી વિચિત્રતાઓ દૃષ્ટિગોચર થતી રહે છે. જીવ માત્રને આરામદાયક જિંદગી ગમે છે. પરંતુ કેટલાકને સતત પરિશ્રમ કરવા છતાં બે ટંક સરખું ખાણું નથી મળતું. કેટલાક પાસે અઢળક સંપત્તિ હોય છે અને છતાં એમને મનગમતું ભોજન ખાવાની પરવાનગી નથી. એ કોઈ ને કોઈ અસાધ્યરોગથી પીડાતા હોય છે. ઊંઘની ગોળી લીધા વગર એમને રાત આખી પડખાં ઘસવાં પડે છે. ઘરમાં અપ્સરા જેવી સ્ત્રી હાજર હોય છતાં અવળા પડખે સૂઈ જવું પડે છે અને ઊંઘ ન આવતી હોય તો પણ ઊંઘવાનો ઢોંગ કરવો પડે છે. લાંબી જિંદગી મળી જાય પણ એ રિબાઈ રિબાઈને જીવવી પડે એનો શો અર્થ? ક્યારેક એવું પણ લાગે કે મહાત્મા ગાંધી, ઈંદિરા ગાંધી કે રાજીવ ગાંધી વધારે નસીબદાર હતાંઃ એમને ક્ષણિક પીડા અને તરત મૃત્યુની શાતાદાયક ભેટ મળી ગઈ હતી જે વાજપેયી કે મનમોહનસિંહના કિસ્મતમાં નહોતી!હા, આજીવન ઈમાનદારી પૂર્વક કાર્યરત રહી ડાઉન ટુ અર્થ, કોમનમેન જેવી જીવનશૈલી અપનાવીને એ બીજા તમામ નેતાઓને અજાણતાં જ પાછળ ધકેલીને સાચા ભારતીય લોકનાયક તરીકે એક કદમ આગળ નીકળી ગયા છે. મરણ એ 'માનવીની ભવાઈ'ની સાચી પારાશીશી છે.

આવા દેશભક્તની વિદાયના સમાચારો સાથે જ કરોડોનું કરી નાખનારા મહાઠગની ધરપકડના સમાચાર પણ છપાય છે. ઘટનાઓ તો ઘટતી જ રહેશે. સારા લોકોની સાથે જ નઠારા લોકો પણ જન્મતા રહેશે. પાડોશી દેશ ચીનમાં એક મોટા પદ પર રહેલો પિતા એના પુત્રની પ્રેમિકા સાથે એ આપણા ઘરમાં ના શોભે કહી પુત્રને એની ગમતી છોકરીથી વિખૂટો પાડી પોતે પરણી જાય છે. ભારતમાં જ અદાલતની કોઈ મહિલા અધિકારી બે બાળકો અને પતિને તરછોડી એક પોલીસવાળાની પાછળ ઘેલી બની જાય છે, એની સાથે લિવ ઈન રિલેશનમાં મોજ મસ્તી માણે છે અને એક દિવસ એ પોલીસ વાળો બીજી કોઈ સ્ત્રી સાથે લગ્ન કરી લે છે! કેવી કેવી ઘટનાઓ એક જ દિવસમાં જોવા મળે છે!

કાળદેવતા રામ અને કૃષ્ણને ના છોડતા હોય તો એ સાધારણ માનવીને થોડા છોડે? પણ કૃષ્ણની જેમ જીવનમાં ક્યારેક વૃંદાવન સરજાય તો ભવિષ્યમાં પ્રભાસપાટણ વાળી દારુણ ઘટના પણ આવી શકે એની માનસિક તૈયારી રાખવી પડે.

ભવિષ્યવેત્તા પોતાના ભાવિને નથી બદલી શકતા એ જ શું સામાન્ય માનવી માટે મોટું આશ્વાસન નથી? કાલી સાથે મુખોમુખ વાતો કરનારા રામકૃષ્ણ પરમહંસ કે આજીવન ભાગવતકથા ગાનાર ભક્ત શિરોમણી ડોંગરેજીને કેન્સરથી રિબાઈને મરવું પડે છે અને વાણીનું અભૂતપૂર્વ વરદાન પામેલા પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી કે ઝુઝારુ લોકનેતા ફર્નાન્ડીઝને આખરી વર્ષોમાં પોતાનું નામ સુધ્ધાં ભુલાઈ જાય છે. વિજ્ઞાન પાસે તો એનું મેડિકલ અર્થઘટન છે જ. પણ જ્યોતિષ શાસ્ત્ર એની રીતે કુંડળીમાં ચાલતી ગ્રહોની દશા અને અંતર્દશા પરથી પણ એની આગાહી કરી શકે ત્યારે જરૂર એક 'ઓકલ્ટ સાયન્સ' બની જાય છે. મનમોહન સિંહ જીવન દરમિયાન નહોતા પામ્યા એટલું માન મૃત્યુ પછી પામી રહ્યા છે! શું આ કોઈ જલદી ગળે ઊતરી જાય એવી બાબત છે?

# વિચાર નહીં, વૈભવનું વર્ચસ્વ

જૈનોના આચાર્ય શ્રી વિમલસાગર સૂરીશ્વરજી મહારાજનું આ પ્રવચન સોશ્યલ મીડિયામાં સાંભળ્યું. મને થયું કે 'અબીલગુલાલ'ના વાચકો અને ખાસ તો જૈનોએ આ સાંભળવા જેવું છે. જોકે આ વાત જૈનોને નહીં, દરેક પંથના લોકોને લાગુ પડે છે. તો સાંભળો.

"છેલ્લાં 25 વર્ષમાં જૈનોએ જે સ્થળાંતર કરવાનું શરૂ કર્યું છે તે મારી સામે છે. થોડા વખત પછી તમે જોશો કે રાજસ્થાનના અલગ-અલગ સ્થાનોમાં જેમ-જેમ આપણે લોકો નીકળતા જઈશું તેમતેમ આપણા ઉપાશ્રયો, મંદિર, આપણાં ભવનો બધું બીજા લોકો ગળતા જશે. તેને પ્રશાસનિક અધિકારી, પોલીસ અને રાજકીય લોકો પણ હવા આપશે. તેઓ સામે નહીં આવે પરંતુ પડદા પાછળ તેમનું પીઠબળ હશે. તમારે જે કરવું હોય તે કરો, પછી કાયદો કાયદાનું કામ કરશે. કાયદાના દાવપેચમાં આપણે કંઈ નહીં કરી શકીએ. આવું ઘણી વાર થયું છે. આવું ક્યારેક ઢાકામાં થયું છે, ભાગીને ઢાકાથી આવવું પડ્યું, આવું ક્યારેક મ્યાંમારની રાજધાની રંગૂનમાં થયું, આવું પશ્ચિમ બંગાળનાં અનેક સ્થાનોમાં થયું, આવું ક્યારેક નેપાળના કાઠમંડુમાં થયું હતું, આવું અફઘાનમાં થયું હતું, આવું પેશાવરમાં થયું, આવું કરાચીમાં થયું, આવું લાહોરમાં થયું, આવું પ્રયાગરાજમાં થયું, આવું આફ્રિકાના દેશોમાં પણ થયું, સુદાનમાં થયું હતું. સુદાનમાં ભારતીયોને - જૈનોને મારવા લોકો આવ્યા હતા. અડધી રાત્રે આવ્યા હતા. સુદાનના એક પરિવારજન મારા ગુરુમહારાજના સારા ભક્ત છે. તેઓ મુંબઈના પાર્લામાં રહે છે. તેમની પાસે સુદાનમાં વેપારમાં અનેક હેલિકૉપ્ટરો હતા. જેની પાસે હેલિકૉપ્ટર હોય તેની પાસે કાર કેટલી હશે તે વિચારો. તેનો વેપાર કેવો જામેલો હશે ! પરંતુ જ્યારે તે લોકોએ મળીને આક્રમણ કર્યું પુરુષોને તો નગ્ન કરીને મારમારીને ભગાડ્યા હતા, જ્યારે અમે ઍરપૉર્ટ પર પહોંચ્યા, તો અમારી પાસે કાલે ખાવા માટે કંઈ નહોતું. ખિસ્સામાં શું હાથ નાખીએ, કપડાં જ નહોતાં ! જેમ-તેમ કરીને અમે અમારી જાતને સંતાડી રહ્યા હતા. અને ગમે તેમ કરીને ભારત પહોંચ્યા હતા.

અહીં આવીને અમારે શૂન્યથી શરૂઆત કરવી પડી. આથી તે પછી અમે ક્યારેય ઊભા જ ન થઈ શક્યા. અમારી પાસે કંઈ હતું જ નહીં. મજૂરી કરીને અહીં પચાસ વર્ષ વિતાવી દીધાં છે. આવું તો અનેક દેશોમાં થયું. આવું મહારાષ્ટ્રનાં ગામોમાં પણ થયું. આવું ક્યારેક તમિલનાડુ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, કેરળમાં પણ થયું. અવસરવાદી લોકો, અવસરવાદી શક્તિઓ ડોકિયા કરતી રહે છે. તેઓ બહેનો-દીકરીઓ પર દૃષ્ટિ રાખે છે. આપણા પૈસા પર નજર રાખે છે. આપણી પ્રશંસા, આપણી પ્રતિભા, આપણું નામ, આપણો યશ, આપણી ધન ખર્ચ કરવાની દિશા પર નજર રાખે છે. આથી દેખાડો ઓછો કરવાની આવશ્યકતા છે. આપણામાંથી બધા આ વાત સ્વીકારે તો છે પરંતુ અપનાવતા નથી.

હવે તો લગ્ન થાય છે તે પણ બહુ દેખાડા સાથે થાય છે. ફાઈવસ્ટાર હૉટલોમાં થાય છે. કોઈ અહીં જાય છે, કોઈ ત્યાં જાય છે (ડેસ્ટિનેશન





વેડિંગ). કરોડો રૂપિયા ખર્ચીને લગ્ન કરવામાં આવે છે. કોઈ હેલિકૉપ્ટરમાં જાન લઈ જાય છે. કોઈ ફ્લાઈટમાં લઈ જાય છે. આપણા બધામાં એ માન્યતા ઘર કરી ગઈ છે કે જે જેટલું વધુ ખર્ચશે તે મોટો માણસ ગણાશે.

**આચાર્ય શ્રી વિમલસાગર સૂરીશ્વરજી મહારાજ કહે છે કે સમાજમાં દેખાડાનું મહત્ત્વ વધી ગયું છે. ગુણવાનોનું નહીં, ધનવાનોનું વર્ચસ્વ પંથીય સંસ્થાઓ અને સાધુ-સાધ્વીઓ પર થઈ ગયું છે. મહારાજસાહેબના પ્રવચનમાં કોઈને રસ નથી**

તેને સામાજિક માન્યતા પણ મળતી જઈ રહી છે. કારણકે આપણે લગ્નમાં જઈએ છીએ. કહેવાવાળું કોઈ નથી. આપણે નહીં જઈએ તો બીજા તો જવાના જ છે. તેનું કામ તો થઈ જ જશે. આપણે જ શું કામ અળખામણા થઈએ? આવું વિચારી આપણે પણ જઈએ છીએ. અંદરથી દુઃખ થતું હોય તો પણ આપણે સામાજિક જાગરણ માટે તૈયાર નથી હોતા. આથી આ દેખાડા થતા જ રહે છે.

ભગવાનની પ્રતિષ્ઠા પણ એક મર્યાદામાં સંપન્ન થઈ શકે છે, તેના બદલે અમર્યાદિત કરવાનો પ્રયાસ

**અબીલ ગુલાલ**
જયવંત પંડયા

કરીશું. એક છરીપાલી સંઘ આ મર્યાદામાં પૂરો થવો જોઈએ, પરંતુ નહીં. આપણા ગામમાંથી જેટલા સંઘ નીકળ્યા છે, તે બધા ફિક્કા પડી જાય તેવો સવાયો થવો જોઈએ. આવું કરવા માટે શું કરવું પડશે? તો તેના માટે આ કરવું પડશે, તો કરો. આપણા બધાની માન્યતા આ પ્રકારની છે. પંથીય પણ અને સામાજિક પણ. તો એ પૈસા પણ બધાને દેખાય છે. બીજી તરફ, સમાજનો જે વર્ગ ગરીબ કે મધ્યમ છે તે તો ગરીબ જ છે. તે ગઈ કાલે પણ સંઘર્ષ કરતો હતો, આજે પણ સંઘર્ષ કરે છે. કાલે પણ તે દુઃખી હતો, આજે પણ દુઃખી છે. મધ્યમ વર્ગના લોકો આજે પણ સમસ્યામાં છે. જોડતોડ કરીને પોતાનું જીવન વિતાવે છે.

જેટલી પણ પંથીય સત્તાઓ છે, તે બધી ધનવાનોના હાથમાં આવી ગઈ છે. પહેલાં તે ગુણવાનોના હાથમાં હતી. હવે ગુણવાનોને તો કાઢી મૂકવામાં આવ્યા છે. બહુ ઓછા ગુણીજનો દેખાય છે. ધનવાનો બધી જગ્યાએ આધિપત્ય જમાવીને બેઠા છે. સાધુસાધ્વીઓ પર પણ તેમનો સારો અધિકાર છે. સાધુસાધ્વી પણ ધનવાનોથી દબાય છે. ધનવાનોની વાત સાંભળે છે. નાનો માણસ મહારાજસાહેબ પાસે જઈને વાત કરશે તો મહારાજસાહેબના ગળે તે વાત નહીં ઉતરે. એક મોટો માણસ, જેના શરીરમાંથી સારી સુગંધ આવતી હોય, સોનાનાં મસ્ત બટન લાગેલાં હોય, ગાલ લાલ ટમેટાં જેવા હોય, જેણે સોનાનું મોટું કડું હાથમાં પહેર્યું હોય, લાખ-બે લાખની ઘડિયાળ પહેરી હોય, જે ગુરુપૂજનમાં બે હજાર મૂકતા હોય, આવા માણસની વાત મહારાજસાહેબ બહુ સારી રીતે સાંભળશે. તેની વાતમાં ભલી વાર નહીં હોય, તો પણ તેની વાતને વજન મળી જશે. તેનું ધન એ વાતને વજન આપે છે. આ રીતે ગુણની પૂજા ધીરેધીરે ઓછી થઈ ગઈ, ધનની પૂજા વધી ગઈ.

પુણ્યથી ધન કમાય તો કંઈ વાંધો નથી, પણ વિવેક સાધુ-સાધ્વીઓ પાસે હોવો જોઈએ કે ક્યાં ખર્ચ કરવો જોઈએ અને ક્યાં રોકવો જોઈએ. તે અપ્રસન્ન થશે કે આપણી પ્રશંસા કરશે તેની ચિંતા ન કરવી જોઈએ. પણ આવું નથી થતું. આથી જ તો આપણા સમાજમાં જે ગુટખા વેચીને ધનવાન થયા તેની પણ તક્તીઓ લાગી ગઈ. જે દારૂ વેચીને ધનવાન થાય છે તેની પણ તક્તી લાગી જાય છે. જે ચામડું વેચીને ધનવાન થયા છે તેની પણ તક્તી લાગી જાય છે. ક્યારેય એમ નથી વિચાર આવતો કે જે માણસે આટલા ગુટખા વેચીને સમાજને નષ્ટ કરી નાખ્યો તેના પૈસા આપણે કેવી રીતે લઈ શકીએ? ન તો શ્રાવકો, ટ્રસ્ટીઓને તેનો વાંધો છે, ન તો સાધુ-સાધ્વીઓને રહી. તે પૈસા આપે છે ને, કરોડ આપે છે ને, ત્રણ માળની આપણી ઈમારત, આપણી ધર્મશાળા, ભોજનશાળા બની જશે ને? તક્તી જ લગાવવાની છે ને? તે જાણે, તેનાં કર્મ જાણે. આપણને તો પૈસાથી જ કામ છે ને. એક વાર જ સન્માન કરાવવાનું છે. તેના હાથે ઉદ્ઘાટન કરાવવાનું છે. તક્તી કોણ વાંચે છે? શું ફરક પડે છે? જ્યારે ગુરુ આવી છૂટ આપે છે તો શિષ્યો પણ તેને આગળ વધારશે.

ક્યાં જશે આ સમાજ? તેની નીતિરીતિ શું બનશે? હવે આ વર્જના નથી રહી. તમે છરીપાલક સંઘ કાઢી શકો, સુંદર એકાસણા, બિયાસણા કરાવી શકો, પરંતુ ઢોલી પર બબ્બે હજારની નૉટ ઉડાડવી જ જોઈએ તે જરૂરી નથી. સંઘની અંદર માત્ર બસ્સો લોકો હોય પણ તામઝામ એટલો કરાયો હોય કે જાણે વીસ હજારનો સંઘ ન હોય, તે જરૂરી નથી. બસ્સો લોકોના સંઘમાં સાત હાથી લાવી દો, 14 ઘોડા લાવી દો, 21 ઊંટ લાવી દો, તે તો બધું પૈસાથી થાય છે, તેમાં શું શોભા છે. તેનો શું અર્થ છે? ખાલી દેખાડો છે. તેના બદલે બસ્સો લોકો આચારવિચાર સંપન્ન થઈ વિધિપૂર્વક સંઘની યાત્રા કરી લે તેટલું પર્યાપ્ત છે."

# યુદ્ધમાં બંને પક્ષે ખુવારી સારી એવી થઇ

ક્યારેક દુર્યોધન જેવા પણ કેટલાક પ્રશ્ન પૂછીને વાચકને-શ્રોતાને અચરજ પહોંચાડે છે. ભીષ્મ પિતામહને તે પ્રશ્ન પૂછે છે કે આખા જગતમાં શ્રીકૃષ્ણને મહાન માનવામાં આવે છે. તો તેનું કારણ કયું? મારે તેની ઉત્પત્તિ જાણવી છે, તેમની વર્તમાન પરિસ્થિતિ પણ જાણવી છે.

ભીષ્મ પિતામહે શ્રીકૃષ્ણનો મહિમા વર્ણવ્યો, દેવતાઓના દેવતા તરીકે તેમને ઓળખાવ્યા. ભગવાન શ્રીહરિ જળમાં સૂઇ ગયા આ ભગવાને પોતાના મુખ દ્વારા અગ્નિની, પ્રાણ દ્વારા વાયુની અને મન દ્વારા સરસ્વતી દેવીની તથા વેદોની રચના કરી હતી. પ્રજાના સર્જન-વિસર્જન માટે પણ તેઓ જ જવાબદાર. ત્રણે

**મહાભારત**
શિરીષ પંચાલ

કાળ, દસેદસ દિશાઓ, આકાશનું નિર્માણ કર્યું હતું. પ્રજાપતિ બ્રહ્માનું નિર્માણ પણ તેમણે કર્યું હતું. નારાયણ પણ તેમનું સર્જન. . તેમના શરીરમાંથી જ બ્રાહ્મણથી માંડીને શુદ્ર પ્રગટ્યા. આ જ નારાયણને ઋષિઓ હૃષીકેશ કહે છે. તેમની વ્યક્તિતા વિશ્વરૂપ જેવી છે. ભીષ્મ પિતામહે આમ કહીને છેવટે દુર્યોધનને સલાહ આપી કે પાંડવો સાથે સંધિ કરી લો પણ સંધિ કરે તે દુર્યોધન શાનો. બીજે દિવસે તો યુધ્ધ શરૂ થઇ ગયું. બંને પક્ષે મહારથીઓ યુધ્ધ માટે તત્પર હતા. અર્જુને ભીષ્મને ઘાયલ કર્યા. દુર્યોધને દ્રોણાચાર્ય પાસે જઇને પાંડવોનો



પરાભવ થાય એવી રીતે યુધ્ધ કરવા કહ્યું પણ દ્રોણાચાર્ય અંતરથી તો પાંડવોના પક્ષે હતા. દુર્યોધન નાદાન હોવા છતાં તેના હિત માટે લડવાનું પસંદ કર્યું. અહીં વાચકને પ્રશ્ન થાય. ભીષ્મ, દ્રોણાચાર્ય પાંડવોની ધાર્મિકતા, શૂરવીરતા, અજેયતા જાણતા હોવા છતાં કૌરવોનો સાથ કેમ આપે છે? ભીષ્મપિતામહે તો કબૂલ્યું જ હતું કે અર્થસ્ય પુરુષોઽ દાસ. આ વાત ઠેઠ આજે પણ સાચી છે. એટલે તો કવિ કહે છે કેગિરધન નર કાં સરજીઆ? દ્રોણાચાર્યે પાંડવો પર આક્રમણ કર્યું પણ સાત્યકિએ તથા બીજા પાંડવોએ દ્રોણાચાર્યને આગળ વધતાં અટકાવી દીધા. શિખંડીને આક્રમણ કરતો જોઇ દુર્યોધન આગળ આવ્યો. યુદ્ધને કારણે ભારે કોલાહલ થયો. કોઇ કોઇને સાંભળી શકતું ન હતું. સવારો મરી જવાને કારણે અશ્વ આમતેમ દોડી રહ્યા હતા. ચારે બાજુ સૈનિકોના શબ પડ્યાં હતાં. આ સંજોગોમાં અર્જુને ભીષ્મ પિતામહ ઉપર બાણવર્ષા કરી. રથ, ધજાપતાકા બધાંનો નાશ થવા લાગ્યો. કોઇ કોઇનાથી ગાંજ્યા જાય એવા ન હતા. ભીમસેન અને દુર્યોધન પણ સામસામે લડવા લાગ્યા. દુર્યોધન પુત્ર લક્ષ્મણ અને સુભદ્રાપુત્ર અભિમન્યુ સામસામે આવ્યા. લક્ષ્મણ ઘવાયો એટલે એને યુધ્ધ ભૂમિ પરથી દૂર કર્યો. હવે સાત્યકિએ ભૂરિશ્રવા પર આક્રમણ કર્યું. પણ સામી બાજુએ ભૂરિશ્રવાએ પણ જોરજોરથી આક્રમણ કર્યું. એટલામાં સાંજ પડી ગઇ. એ સમયની આચારસંહિતા પ્રમાણે રાતે યુધ્ધ ન થાય એટલે બધા પોતપોતાની છાવણીમાં ચાલ્યા ગયા. બંને પક્ષે યુદ્ધની તૈયારી રૂપે વ્યૂહરચનાઓ થઇ. સામસામી બાણવર્ષાને

**નારાયણની નાભિમાંથી કમલ અને કમલમાંથી બ્રહ્મા પ્રગટ્યા. નારાયણના કાનના મેલમાંથી રાક્ષસ મધુ પ્રગટ્યો પણ તેને દેવે મારી નાખ્યો એટલે જનાર્દનનું નામ મધુસૂદન પડ્યું**

કારણે મહારથીઓ ઘવાયા. ધૃતરાષ્ટ્રને હવે ચિંતા થવા લાગી, દેવતાઓ તો પાંડવોના પક્ષે નથી ને? મારો પુત્ર દુર્યોધન મૂર્ખ છે. સંજય આ સાંભળીને ધૃતરાષ્ટ્રને જ દોષી બતાવે છે.

ભીમસેનને કૌરવોએ બધી બાજુથી ઘેરી લીધો પણ ભીમસેને સામાપક્ષના હાથીઘોડાને કચડી નાખ્યા પણ તેમને કૌરવોએ ઘેરી લીધા. એ જોઈને ધૃષ્ટદ્યુમ્ન તેમની વહારે ગયા. તેણે જોયું કે ભીમસેનનો રથ ભાંગી ગયો છે એટલે પોતાના રથ પર બેસાડી દીધા. તેણે મોહનાસ્ત્ર વડે બધા કૌરવોને અચેત કરી દીધા. આને કારણે અશ્વ, હાથી જ્યાં જગા મળી ત્યાં ભાગ્યા. દ્રોણાચાર્યે પેલા મોહનાસ્ત્રને દૂર કર્યું. હવે પાંડવ સેના આક્રમણ કરવા તૈયાર થઇ. સૈનિકોનાં અંગ કપાયેલાં ત્યાં પડયાં હતાં.

હવે ભીમસેન અને દુર્યોધન વચ્ચે યુદ્ધ થવા લાગ્યું. ભીમસેને આકરા શબ્દોમાં દુર્યોધનને સંભળાવ્યું અને પછી બાણવર્ષા કરી.અભિમન્યુએ વિકર્ણને ઘાયલ કર્યો. કૌરવસેનાને અપમાનિત કરી એટલે દુર્યોધને ભીષ્મપિતામહને ફરિયાદ કરી. તે ભીમસેનનો ક્રોધ વેઠી શકતો નથી.-છતાં ભીષ્મ પિતામહે તેને આશ્વાસન આપ્યું. સાતમા દિવસે પણ એવું જ ભયાનક યુદ્ધ થયું. ભીષ્મ પિતામહે દુર્યોધનને કોઈ ઔષધિ આપી એટલે દુર્યોધનના શરીરને વીંધેલા બાણ સરળતાથી નીકળી ગયા. શ્રીકૃષ્ણ અને અર્જુનને જોઈને કૌરવ સૈનિકો ડરી ગયા પણ ભીષ્મપિતામહે અડગ રહીને અર્જુનનો સામનો કર્યો. સાત્યકિએ પણ કૌરવસૈનિકોને હરાવ્યા. દુર્યોધનને પરાજિત કરવા ધૃષ્ટદ્યુમ્ન તત્પર હતો પણ દુર્યોધને તેની સામે દોટ મૂકી પણ કૌરવ સૈનિકોને પરાજિત કરવા ભીમસેન તત્પર હતા. વારે-વારે સંજય આ યુદ્ધ અને તેમાં થતા સંહાર માટે ધૃતરાષ્ટ્રને જવાબદાર ગણે છે. હવે ઘટોત્કચ યુદ્ધ માટે સામે આવ્યો. તેણે ભગદત્ત પર આક્રમણ કર્યું. ભગદત્તનું આક્રમણ સહન ન કરી શકવાને કારણે ઘટોત્કચ ત્યાંથી ભાગી છૂટયો. સહદેવે શલ્યને ઘાયલ કર્યા. તે મૂર્ચ્છા પામી ગયા. આમ બંને પક્ષે ખુવારી સારી એવી થઇ.